# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 13.01.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે - ડિજિટલ ઇન્ડિયા, સ્ટાર્ટઅપ ગ્રોથ અને યુવાનો દેશના ભવિષ્યને આકાર આપી રહ્યા છે.

2) કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ આજથી ત્રણ દિવસ ગુજરાતની મુલાકાતે - અનેક વિકાસ યોજનાઓનો શિલાન્યાસ અને લોકાર્પણ કરશે.

3) અમેરિકાએ 8 હજાર વિધાર્થીઓ અને 2500 વિશેષ વિઝા સહિત એક લાખ લોકોના વિઝા રદ કર્યા

4) ભારત અને અમેરિકા વચ્ચે આજથી નવી દિલ્હીમાં વેપાર વાટોઘાટો થશે

5) ઇન્ડિયા ઓપન બેડમિન્ટન ટુર્નામેન્ટનો આજથી નવી દિલ્હીમાં આરંભ થશે

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# INDIA YOUNG LEADERS DIALOGUE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, ડિજિટલ ઇન્ડિયા, સ્ટાર્ટઅપ ગ્રોથ અને યુવાનોની ભાગીદારી દેશના ભવિષ્યને ફરીથી આકાર આપી રહ્યું છે.

ગઈકાલે નવી દિલ્હીમાં વિકસિત ભારત યંગ લીડર્સ ડાયલોગ 2026ના અંતિમ સત્રમાં બોલતા પ્રધાનમંત્રીએ કહ્યું કે, દેશ સર્જનાત્મક અને ટેકનોલોજી-સંચાલિત ક્ષેત્રોમાં મોટાભાગે યુવા ઉદ્યોગસાહસિકો ઝડપીથી આગળ વધી રહ્યા છે.

તેમણે કહ્યું કે, ડિજિટલ ઇન્ડિયાએ સર્જકોનો એક નવો સમુદાય બનાવ્યો છે અને સંસ્કૃતિ, સામગ્રી અને સર્જનાત્મકતાને આવરી લેતા 'ઓરેંજ ઇકોનીમી ઝડપથી આગળ વધી રહી છે.

## BYTE: PM-YUVA-SHAKTI

શ્રી મોદીએ સ્ટાર્ટઅપ ઈન્ડિયા, ડિજિટલ ઈન્ડિયા, ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ અને ટેક્સના માળખામાં સરળતા જેવા મુખ્ય સુધારાઓ અને અનેક પહેલ અંગે વાત કરી. ઉદ્યોગ સાહસિકતા માટે ભારતની સ્ટાર્ટઅપ ક્રાંતિને વેગન અહેવાલ આપતા જણાવ્યું કે, હાલમાં એક હજારથી વધુ સંરક્ષણ સ્ટાર્ટઅપ્સ કાર્યરત છે. 9 થી 12 જાન્યુઆરીમાં વિકસિત ભારત યંગ લીડર્સ ડાયલોગમાં દેશભરના વિવિધ સ્તરે 50 લાખથી વધુ યુવાનોએ ભાગ લીધો હતો.

## PM MODI GANDHINAGAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે ભારત અને જર્મની વચ્ચે વધતા વેપાર અને રોકાણ સંબંધોએ વ્યૂહાત્મક ભાગીદારીમાં નવી ઉર્જાનો સંચાર કર્યો છે. ભારત અને જર્મનીએ ગઇકાલે 19 મહત્વપૂર્ણ સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા છે અને આઠ મહત્વપૂર્ણ જાહેરાતો કરી છે.

સાંભળીએ એક અહેવાલ..

**V/C: APARNA KHUNT**

# AMIT SHAH GUJARAT

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ આજથી ત્રણ દિવસ માટે ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. શ્રી શાહ ઉતરાયણ પર્વ ઉજવણી સહિત અનેક કાર્યક્રમોમાં હાજરી આપશે.

શ્રી શાહ તેમની મુલાકતના પ્રથમ દિવસે આજે અનેક વિકાસ યોજનાઓનો શિલાન્યાસ અને લોકાર્પણ કરશે. તેઓ આજે સવારે માણસા ખાતે SAG અને આર્ટસ & કોમર્સ કોલેજ દ્વારા નિર્મિત સ્પોર્ટ્સ કોમ્પલેક્ષનું લોકાર્પણ કરશે.

ત્યારબાદ પેથાપુર ખાતે રાજ્યના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ હેઠળ બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર BSL 4નું ભૂમિપૂજન કરશે.

બપોરે, શ્રી શાહ અમદાવાદના સનાથલ ખાતે ગ્લોબલ એક્સલન્સની ફાર્માસ્યુટિકલ એકેડેમીનું ખાતમુહૂર્ત કરશે. કેન્દ્રીય ગૃહમંત્રી સાંજે આણંદ ખાતે

ચરોતર યુનિવર્સિટીના 15માં પદવીદાન સમારંભમાં ઉપસ્થતિ રહેશે અને સંતરામ મંદિરે દર્શન કરી પૂજા અર્ચના કરશે.

શ્રી શાહ આવતીકાલે ઉતરાયણ પર્વ નિમિતે સવારે અમદાવાદના શ્રી જગન્નાથ મંદિરે દર્શન કરી પૂજા અર્ચના કરશે અને ત્યારબાદ તેમના મતવિસ્તારમાં વિવિધ સ્થળોએ પતંગ મહોત્સવમાં ભાગ લઈ પક્ષ કાર્યકરો અને નાગરિકો સાથે પતંગ ઉડાડી આનંદ માણશે.

મુલાકતના અંતિમ દિવસે શ્રી શાહ અમદાવાદમાં સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત આદિ શંકરાચાર્ય સમગ્ર ગ્રંથાવલિના વિમોચન સમારોહમાં ઉપસ્થિત રહેશે.

## DIRECT TAX COLLECTION

દેશનો પ્રત્યક્ષ કર આવક 11 જાન્યુઆરી સુધીમાં 8.82 ટકા વધીને 18 લાખ 38 હજાર કરોડથી વધુ થઈ છે. આ વધારો 8 લાખ 63 હજાર કરોડની કોર્પોરેટ કર આવક અને વ્યક્તિગત કરદાતાઓના મજબૂત યોગદાનને કારણે થયો છે.

આ જ સમયગાળા દરમિયાન કર રિફંડમાં 17 ટકાનો ઘટાડો થયો છે, જેના કારણે કુલ કર વસૂલાતમાં વધારો થયો છે. એકંદરે કુલ પ્રત્યક્ષ કર વસૂલાતમાં 4.14 ટકાનો વધારો થયો છે, જે આ નાણાકીય વર્ષમાં અત્યાર સુધીની સકારાત્મક વૃદ્ધિ દર્શાવે છે.

સરકારે નાણાકીય વર્ષ 2025-26 માટે પાછલા વર્ષની સરખામણીમાં પ્રત્યક્ષ કર વસૂલાતમાં 12.7 ટકાનો વધારો થવાનો અંદાજ મૂક્યો છે. સરકારે નાણાકીય વર્ષ 2026માં સિક્યોરિટીઝ વ્યવહારો પરના કરમાંથી 78 હજાર કરોડનો લક્ષ્યાંક પણ રાખ્યો છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## AMERICA VISA

અમેરિકાએ સુરક્ષાને ધ્યાનમાં રાખીને એક લાખથી વધુ વિઝા રદ કર્યાં છે. જેમાં લગભગ આઠ હજાર વિદ્યાર્થી વિઝા અને બે હજાર 500 વિશેષ વિઝાનો સમાવેશ થાય છે.

ગઈકાલે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, વિભાગે જણાવ્યું કે, વિઝા રદ કરવા અને દેશનિકાલનો ઉપયોગ રાષ્ટ્રીય સુરક્ષાના રક્ષણ માટે થઈ રહ્યો છે. તેણે ચેતવણી પણ આપી હતી કે વિઝા ધારકોએ અમેરિકન કાયદાઓનું પાલન કરો, નહીંતર તેમના વિઝા ગુમાવવાનું અને દેશનિકાલ થવાનું જોખમ રહેંશે.

વહીવટીતંત્રે વિઝા આપવા અંગે કડક નીતિ પણ અપનાવી છે, જેમાં કડક સોશિયલ મીડિયા ચકાસણી અને વિસ્તૃત સ્ક્રીનીંગનો સમાવેશ થાય છે.

# AMERICAN AMBASSADOR

ભારતમાં અમેરિકાના રાજદૂત સર્જિયો ગોરે કહ્યું છે કે ભારત અને અમેરિકા ચાલી રહેલા વેપાર કરાર વાટાઘાટોનો આગામી તબક્કો આજે યોજાશે.

શ્રી ગોરે ગઈકાલે નવી દિલ્હીમાં ભારતમાં અમેરિકાના રાજદૂત તરીકેનો કાર્યભાર સંભાળ્યા બાદ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે અમેરિકા માટે ભારત એક મહત્વપૂર્ણ ભાગીદાર ભારત અને અમેરિકા સુરક્ષા, આતંકવાદ અને ઉર્જા જેવા ક્ષેત્રોમાં સાથે મળીને કામ કરશે.

# NIPAH VIRUS

પશ્ચિમ બંગાળમાં નિપાહ વાયરસના બે શંકાસ્પદ કેસ મળી આવ્યા છે. દરમિયાન, પશ્ચિમ બંગાળ સરકારે નિપાહ વાયરસના ફેલાવાને રોકવા માટે વ્યાપક સાવચેતીનાં પગલાં અમલમાં મૂક્યા છે.

રવિવારે કલ્યાણી સ્થિત એઈમ્સ સ્થિત ભારતીય તબીબી સંશોધન પરિષદની વાયરસ સંશોધન પ્રયોગશાળામાં આ શંકાસ્પદ કેસોની ઓળખ કરવામાં આવી હતી.

## BYTE: NIPAH VIRUS

# INDIA OPEN 2026

ઇન્ડિયા ઓપન 2026 બેડમિન્ટન ટુર્નામેન્ટ આજથી નવી દિલ્હીના ઇન્દિરા ગાંધી ઇન્ડોર સ્ટેડિયમ ખાતે શરૂ થશે.

18મી ક્રમાંકિત પીવી સિંધુ આ સ્પર્ધામાં ભારતનું નેતૃત્વ કરશે. માલવિકા બંસોડ અને યુવાન તન્વી શર્મા પણ મહિલા સિંગલ્સમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે. જયારે પુરુષોના સિંગલ્સમાં, લક્ષ્ય સેન અને આયુષ શેટ્ટી શરૂઆતના રાઉન્ડમાં એકબીજાનો સામનો કરશે.

ઓગસ્ટમાં દિલ્હી ખાતે BWF વર્લ્ડ ચેમ્પિયનશિપ પણ યોજાવાની હોવાથી, ઈન્ડિયા ઓપન ખેલાડીઓને પોતાની રમતને સુધારવાની તક આપશે.

સુપર 750 ઇવેન્ટ, 2026 BWF વર્લ્ડ ટૂરની બીજી ટુર્નામેન્ટ, વિશ્વના ઘણા ટોચના ખેલાડીઓને ભાગ લેશે.

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે નિકિતા શાહ

- આજના અખબારોમાં ભારત જર્મની ભાગીદારી, આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ, અમેરિકા ઈરાન સંબંધ, ઉત્તર ભારતમાં ઠંડીનું જોર, ભારત અમેરિકા ટ્રેડ ડીલ, ફુગાવાનો ડર વગેરે જેવા સમાચારો જોવા મળી રહ્યા છે.

- વિશ્વ શાંતિ માટે ભારત-જર્મની ભાગીદાર મોદી આ મથાળા હેઠળ સંદેશે મુખ્ય હેડ લાઇન બનાવી છે, આ ઉપરાંત એક-બે વર્ષમાં ટ્રમ્પ ભારતનો પ્રવાસ કરશે અમેરિકન રાજદૂત, વંદેભારત સ્લીપર ટ્રેનમાં VIP કલ્ચર ખતમ કરાયું, ડિસેમ્બરમાં રિટેલ ફુગાવો જોરદાર ઊછળીને 1.33 ટકા જેવા સમાચારો પ્રથમ પાને પ્રકાશિત કર્યાં છે.

- ફૂલછાબે ભારત અને જર્મની વચ્ચે 19 MOU, ભારતથી મહત્વપૂર્ણ કોઈ દેશ નથી- અમેરિકી રાજદૂત, છૂટક મોંઘવારી ત્રણ મહિનાની ટોચે, ઇરાનમાં અમેરિકી આક્રમણનો ફેસલો આજે આ સમાચારોને પ્રથમ પાને છાપ્યા છે,

- ટ્રમ્પ અને મોદી સાચા મિત્રો અમેરિકાને ભારતની જરૂર - આ મથાળા સાથે ગુજરાત સમાચારે પ્રથમ પાને હેડ લાઇન બનાવી છે. આ ઉપરાંત ભારત- જર્મની ત્રાસવાદ સામે લડશે સંરક્ષણ સાધનો વિકસાવવા સહમતીના સમાચાર પ્રથમ પાને છે જ્યારે રિવરફ્રન્ટ પર હનુમાન પતંગ ચગાવી નરેન્દ્ર મોદી – ફ્રેડરીકે આનંદ માણ્યો, ભારતીયોને જર્મનીથી અન્ય દેશોમાં જવા અલગથી ટ્રાન્ઝિટ વિઝા લેવા નહિ પડે આ સમાચારો પ્રકાશિત કર્યા છે.

- નવગુજરાત સમાચારે ભારત – EU વચ્ચે આ મહિને ફ્રી ટ્રેડ કરાર થવાની શક્યતા શીર્ષક સાથે હેડ લાઇન બનાવી છે. તો મોદી ફ્રેડરિક સાથેના રિવરફ્રન્ટ ખાતેના ફોટો સહિત મેટ્રો રેલ, ગ્રીન એનર્જી સહિતના પ્રોજેક્ટ્સમાં જર્મની 1.24 બિલિયન યુરોનું ફંડિંગ કરશે એવા સમાચાર પ્રકાશિત કર્યા છે